# રાજ્યમાં નવા ૪૮૦ કેસ, ૩૦નાં મોત

## અમદાવાદમાં ૩૧૮ નવા કેસ નોંધાયા : છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૨૧ લોકોના મોત : રાજ્યમાં ૩૦ દર્દીના મોત, ફુલ મૃત્યુઆંક ૧૨૪૯

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં કોરોના પીક કોમ્યુનીટી સ્પેડના સ્તરે ચોવીસ કલાકમાં નવા ૪૮૦ કેસ સાથે કુલ આંક ૨૦ હજારને પાર થઈ ૨૦૦૯૭ થયો, આજે અમદાવાદમાં ૨૧ સાથે રાજ્યમાં ૩૦ દર્દીઓના મોત કોરોનાને લીધે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૧૨૪૯ નોંધાયો છે. રાજ્યમાં આજે ૬૭ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે. ગુજરાતમાં ૧લી જુને અનલોક જાહેર કર્યાને સપ્તાહ બાદ આજે ગુજરાતમાં કોરોના કોમ્યુનીટી સ્પેડના બીજા તબક્કામાં પહોંચી ગંભીર સ્થિતિ ધારણ કરી છે. રાજ્યમાં સતત દસમાં દિવસે ૪૦૦ પર નવા દર્દીઓ નોંધાયા છે. આજે ૪૮૦ વ્યક્તિઓને કોરોના પોઝિટિવનો કુલ આંકડો ૨૦ હજારને પાર થઈ ૨૦૦૯૭ થયો છે. રાજ્યમાં ૩૦ વ્યક્તિઓના કોરોનાના કારણે નિધન થયા છે. જેમાં અમદાવાદમાં ૩૧૮, સુરતમાં ૨, વડોદરામાં ૩૫, ગાંધીનગરમાં ૧૯, મહેસાણા અને બનાસકાંઠામાં ૬-૬, પાટણમાં ૫, ખેડામાં ૪, સુરેન્દ્રનગરમાં ૪, રાજકોટ અને આણંદમાં ૩-૩, ભાવનગર અને ભરૂચ અને વલસાડમાં ૨-૨, અરવલ્લી, કચ્છ દાહોદ, નવસારી, અમરેલીમાં ૧-૧ અને અન્ય રાજ્યમાં ૨ નોંધાયા હતા. આજે ૬૭ લોકો વેન્ટીલેટર પર અને ૫૧૩૮ સ્ટેબલ સાથે કુલ ૫૨૦૫ એક્ટીવ કેસ છે. રાજ્યમાં આજે ૩૧૯ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. રાજ્યમાં અત્યાસુધીમાં કુલ ૨૫૧૬૮૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે ૨૧૧૫૮૯ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૦૪૪૩૫ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન અને ૭૧૫૧ વ્યકિતઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. રાજ્યમાં કુલ ૧૩૬૪૩ વ્યક્તિઓ ડીસ્ચાર્જ થયા છે. આજે રાજ્યમાં ૩૦ વ્યક્તિઓના નિધન થયા છે. જેમાં અમદાવાદમાં ૨૧, સુરતમાં ૦૨, બનાસકાંઠા, ભરૂચ, ગાંધીનગર, પંચમહાલ, મહેસાણા, કચ્છ અને રાજકોટમાં ૧-૧ વ્યક્તિનું દુઃખદ નિધન થયું છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૪૨૮૫ | ૧૦૧૫ | ૯૯૧૨ |
| સુરત | ૨૦૯૮ | ૮૬ | ૧૩૫૫ |
| વડોદરા | ૧૨૯૩ | ૪૩ | ૭૬૯ |
| ગાંધીનગર | ૪૨૦ | ૧૬ | ૧૮૮ |
| ભાવનગર | ૧૪૦ | ૧૦ | ૧૦૭ |
| બનાસકાંઠા | ૧૪૨ | ૦૬ | ૧૦૧ |
| આણંદ | ૧૧૧ | ૧૧ | ૯૧ |
| રાજકોટ | ૧૩૧ | ૦૪ | ૭૬ |
| અરવલ્લી | ૧૨૧ | ૦૭ | ૧૧૨ |
| મહેસાણા | ૧૫૯ | ૦૭ | ૮૪ |
| પંચમહાલ | ૧૦૧ | ૧૧ | ૭૭ |
| બોટાદ | ૬૦ | ૦૨ | ૫૫ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૧૦૭ |
| ખેડા | ૯૦ | ૦૪ | ૫૯ |
| પાટણ | ૧૦૩ | ૦૭ | ૭૦ |
| જામનગર | ૬૧ | ૦૩ | ૪૩ |
| ભરૂચ | ૫૬ | ૦૪ | ૩૪ |
| સાબરકાંઠા | ૧૧૭ | ૦૩ | ૯૦ |
| ગીર-સોમનાથ | ૪૭ | ૦૦ | ૪૪ |
| દાહોદ | ૪૬ | ૦૦ | ૩૨ |
| છોટાઉદેપુર | ૩૭ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૮૯ | ૦૬ | ૬૧ |
| નર્મદા | ૨૩ | ૦૦ | ૧૮ |
| દેવભૂમિ દ્વારકા | ૧૫ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૫૫ | ૦૨ | ૨૬ |
| નવસારી | ૩૨ | ૦૧ | ૧૪ |
| જૂનાગઢ | ૩૨ | ૦૧ | ૨૭ |
| પોરબંદર | ૧૨ | ૦૨ | ૦૬ |
| સુરેન્દ્રનગર | ૫૦ | ૦૨ | ૨૧ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૩ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૫ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૫ | ૦૧ | ૦૬ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૨૦૦૯૭** | **૧૨૪૯** | **૧૩૬૪૩** |

# હોસ્પિટલાઈઝેશનના નિયમો બદલો નહીંતર કન્ટેમ્પ્ટનો કેસ

કોરોનાને લઈને ગુજરાત હાઈકોર્ટના સ્પષ્ટ નિર્દેશ બાદ અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ) અને ગુજરાત સરકાર એકબીજાની સામસામે આવી ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. એએમએ એ રાજ્ય સરકારના આરોગ્ય કોવિડ-૧૯ ટેસ્ટિંગને લઈને આપેલા ૨ જૂનના આદેશ અંગે સ્પષ્ટતા કરતા જણાવતા રાજ્યના આરોગ્ય સચિવ જંયતિ રવિને પત્ર લખ્યો છે અને જણાવ્યું છે કે, સરકાર દ્વારા આપવામાં આવેલ આદેશ કે જે મુજબ જો વ્યક્તિને કોરોના ટેસ્ટ કરાવવો હોય તો હોસ્પિટલમાં દાખલ થવું પડે છે તેના પર ફેરવિચારણા કરવામાં આવે. મહત્ત્વનું છે કે, ૨ જૂનના દિવસે રાજ્ય સરકાર તરફથી આરોગ્ય વિભાગના એડિ. ડિરેક્ટર ડૉ. પ્રકાશ વાઘેલાએ જાહેર કરેલા નવા નોટિફિકેશન મુજબ, જો કોઈપણ દર્દીનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવી રહ્યો હોય તો તેમને હોસ્પિટલમાં દાખલ કરવા જરૂરી છે. જેથી જો તેઓ પોઝિટીવ આવે તો સંક્રમણના ફેલાવાને પહેલાથી જ રોકી શકાય. તેમજ આ ટેસ્ટનું રિઝલ્ટ નેગેટિવ આવ્યા બાદ જ હોસ્પિટલ દર્દીને ડિસ્ચાર્જ કરી શકે. તેમજ જો પરિણામ પોઝિટીવ આવે તો દર્દીની સારવાર કોવિડ-૧૯ના પ્રોટોકોલ મુજબ તાત્કાલિક શરૂ કરી શકાય.

આ નવો નિયમ ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ દિશાનિર્દેશનો અને ૯ જેટલી કેટેગરીમાં પ્રાઈવેટ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવામાંથી આપવામાં આવેલ છૂટ બાદ લેવામાં આવ્યો છે. એએમએ ના પ્રમુખ ડૉ. મોના દેસાઈએ પોતાના પત્રમાં આરોગ્ય સચિવ જંયતિ રવિને લખ્યું છે કે ઓથોરિટી દ્વારા આ નિયમમાં કોર્ટના આદેશ અનુસાર ફેરબદલ કરવામાં તેમજ તેમણે આ બાબતે ટેલિફોનિક વાતચીત પણ કરી હતી. જે દરમિયાન આરોગ્ય સચિવે જણાવ્યું હતું કે તેઓ આ બાબતે સત્વરે ધ્યાન આપશે. એએમએમાં પત્રમાં કહેવાયું છે કે, હાઈકોર્ટ દ્વારા પોતાના આદેશમાં ક્યાય પણ તેમ નથી કહેવામાં આવ્યું કે જેમને પણ કોરોના ટેસ્ટ કરાવવો હોય તેમણે પરિણામ આવે ત્યાં સુધી હોસ્પિટલમાં દાખલ થવું જરૂરી છે.

જેથી સરકાર દ્વારા આપવામાં આવેલ આદેશમાં રહેલી આ શરતને જો પરત નથી ખેંચવામાં આવતી તો તે હોઈકોર્ટના આદેશની વિરુદ્ધ છે અને આવી સ્થિતિમાં અમારી પાસે હોઈકોર્ટમાં કન્ટેમ્પ્ટની અપીલ કરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી રહેતો. ડૉ. દેસાઈએ કહ્યું કે, અમને અનેક ડૉક્ટર્સે ફરિયાદ કરી છે કે દર્દીના સ્ટેટસને જાણ્યા વગર જ તેમને હોસ્પિટલમાં કોરોના પોઝિટીવ દર્દીઓ સાથે રાખવાથી તેમનામાં પણ સંક્રમણનો ચાન્સ વધે છે. અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ્સ એસોસિએશનના પ્રમુખ ડૉ. ભારત ગઢવીએ પણ કહ્યું કે, અમારા એસોસિએશનને પણ સરકારને આ બાબતે પત્ર લખીને ચિંતા વ્યક્ત કરી છે.

### શહેરી બસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવી બસ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે હાલ શહેરી બસ સેવા બંધ છે. જયારે પોઈન્ટની બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ હજુ સુધી શહેરી બસ શરૂ થઈ નથી. ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરનારાઓની સંખ્યા વિશેષ છે. એકબાજુ નોકરી તેમજ કામધંધા શરૂ થઈ ગયા છે.ત્યારે શહેરી બસ સેવાના અભાવ વચ્ચે નાગરિકોએ હાલ ખાનગી મુસાફરીના આધારે જ જવુ પડે છે. નોકરીયાતો પોતાની કાર તેમજ કેબના સહારે નોકરીના સ્થાને પહોંચી રહ્યા છે. ત્યારે અમદાવાદના કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં શહેરી બસ સેવા શરૂ થાય તેવી પણ સ્થાનિક અપડાઉનકર્તાઓએ માંગ ઉઠાવી છે. ગાંધીનગર એસ ટી ડેપોથી મુસાફરોની જરૂરિયાતને ધ્યાને લઈ તબક્કાવાર નવી બસો પણ શરૂ કરવામાં આવી રહી છે. અગાઉ સૌરાષ્ટ્રના રૂટની બસો પણ શરૂ કરાઈ હતી. જયારે આજથી ભાભરના રૂટની પણ નવી બસ શરૂ કરવામાં આવી છે. ગાંધીનગરથી દરરોજ બપોરે ભાભર રૂટ પર બસ દોડશે જયારે આ બસ મહેસાણા રૂટમાં દોડશે જેથી ચાણસ્મા સહીત બનાસકાંઠાના વિસ્તારના મુસાફરોને પણ તેનો લાભ મળશે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે છેલ્લા સતત બે મહીના સુધી એસ ટી ના પૈડા થંભી ગયા બાદ ધીમે ધીમે વાહનવ્યવહાર ચાલુ થઈ રહ્યો છે. અગાઉ પોઈન્ટની બસ સેવા શરૂ કરાયા બાદ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર સહીત બહારગામના રૂટની બસો પણ શરૂ કરવામા આવી હતી. જયારે હવે શહેરી બસ સેવા શરૂ કરવા માટે પણ માંગ ઉઠી રહી છે.

# બનાસકાંઠામાં વધુ ૪ વ્યક્તિના કોરોના રિપોર્ટ પોઝિટિવ

## ડીસા 3 અને પાલનપુરમાં ૧ મહિલા કોરોના પોઝિટિવ : જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૪૧ એ પહોંચ્યો

પાલનપુર

બનાસકાંઠામાં રવિવારે વધુ ૪ વ્યક્તિને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ડીસામાં ૩ જ્યારે પાલનપુરમાં ૧ મહિલા કોરોના પોઝિટિવ આવતાં ફફડાટ પ્રસર્યો છે. જિલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૪૧ એ પહોંચ્યો છે. જ્યારે ૬ વ્યક્તિઓના મોત થયા છે.

બનાસકાંઠા જિલ્લામાં પુનઃ માથું ઊંચક્યું છે. જ્યાં રવિવારે વધુ ૪ વ્યક્ત કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના ડેરી રોડ નજીક આવેલી તુલસીવિલા સોસાયટીમાં રહેતા એક મહિલા ઉપરાંત ડીસામાં અસગરીપાર્ક, સનરાઈજપાર્ક વિસ્તાર સહિત ૩ વ્યક્તિઓના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જિલ્લામાં કુલ દર્દીઓનો આંક ૧૪૧ એ પહોંચ્યો છે. જ્યારે ૬ વ્યક્તિઓના મોત થયા છે. દરમિયાન પોઝિટિવ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને આરોગ્ય વિભાગ દ્વારા હોમ કોરેન્ટાઈન કરવામાં આવી રહ્યા છે.

### ડીસામાં કોરોના પોઝિટિવ આધેડનું મોત

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોના પોઝિટિવ વધુ એક દર્દીનું મોત નિપજતાં ફફડાટ પ્રસરી ગયો હતો. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતુ કે, ડીસા કોવિડ હોસ્પિટલમાં ૬૦ વર્ષિય આધેડનું શનિવારે કોરોનાથી મોત નિપજ્યું હતુ. ઉલ્લેખનીય છે કે, તેમનો શનિવારે જ કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. અને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં કોરોનાથી મૃત્યું પામનાર વ્યકિતઓની સંખ્યા ૬ થવા પામી છે.

### 3 કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મહિલાના પરિવારમાં બેજ સભ્યો છે. જેમને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

સેક્ટર-૪સીમાંથી પણ આજે વધુ એક કેસ મળી આવ્યો છે. ૩૪ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવેલ છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વૉરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત સે.૨૮માં આવેલ છ-ટાઈપમાંથી એક ૩૧ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવેલ છે. આ દર્દીના ઘરના અન્ય ૩ સભ્યોને પણ તંત્ર દ્વારા હોમ ક્વૉરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

મનપામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૪૨ થવા જાય છે. શહેરમાં હાલ ૪૩૧ લોકો ક્વૉરોન્ટાઈન હેઠલ છે. ૫૦ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૮૯ દર્દીઓને રિકવરી પ્રાપ્ત થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે અને ૩ દર્દીના મોત થયા છે.

### ૧૭ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. આ બાળદર્દીની વિગતો મેળવવાની તંત્રએ ક્વાયત હાથ ધરી છે. જોકે આ બાળદર્દીના પરિવારે હોમ ઓઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ તેને મંજૂરી આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતાં કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. ગાંધીનગર અને કલોલ તાલુકાના દર્દીઓની સંખ્યા ૧૦૦ની નજીક પહોંચી ગઈ છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૯ તો કલોલ તાલુકામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૫ થઈ છે. દહેગામમાં ૩૧ કેસ અને માણસામાં ૨૭ કેસ નોંધાયા છે.

### ઠંડક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈકાલે રાત્રિના પણ પવનનુ જોર વધુ હતુ. જયારે આજે સવારે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના છાંટણા પડયા હતા. દિવસ દરમિયાન વરસાદી વાદળોની સતત આકાશમાં અવરજવર જોવા મળી હતી. કાળા ડિબાંગ વાદળો હમણાં વરસી પડે તેવુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. સવાર બાદ બપોરે પણ વાતાવરણમાં સતત વાદળિયો માહોલ જોવા મળ્યો હતો. સાંજના સમયે પણ આકાશી નઝારો બદલાયો હતો. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ જોર પણ ઘટી ગયુ હતુ. મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૩.૫ ડીગ્રી રહ્યુ હતુ. સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૫ ટકા રહ્યુ હતુ. જયારે સાંજે ૪૯ ટકા રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ભેજના પ્રમાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોને બપોરના આકરા તાપમાંથી મુક્તિ મળી હતી. પરંતુ ભેજવાળા વાતાવરણના લીધે દિવસ દરમિયાન બફારો અનુભવ્યો હતો. દિવસના અંતે ૪ મી મી વરસાદ વરસ્યો હતો. ગરમીની મોસમ વચ્ચે રોજબરોજ વરસાદી વાયરો અનુભવાય છે. વરસાદી માહોલ બને છે. જો કે વરસાદ આવતો નથી. પરંતુ વાતાવરણ પલ્ટાના લીધે છેલ્લા દોઢ મહીનાથી સતત ઉંચે રહેતો ગરમીનો પારો નીચે ઉતરી જતા નાગરિકોએ હાંશકારો અનુભવ્યો છે. છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની ઉપર રહેતુ હતુ. પરંત ચાર પાંચ દિવસથી ગરમી ૪૦ ડીગ્રીની નીચે ઉતરી ગઈ છે. અલબત્ત મહત્તમ તાપમાન પણ ૩૮ થી ૩૭ ડીગ્રી વચ્ચે જ જોવા મળે છે. લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રીથી ૨૩ ડીગ્રીએ આવી જતા રાત્રિના સમયે પણ વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. જયારે હજુ બે ત્રણ દિવસ વરસાદ આવે તેવી સંભાવના પણ હવામાન વિભાગે વ્યકત કરી છે.

### ડરો નહીં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારવાર ના મળે તો મૃત્યુ સુધી લઈ જાય છે. કોરોના વાયરસ જે લોકોમાં વધુ ફેલાઈ રહયો છે તેના મુખ્ય કારણો નીચે મુજબ છે કો-મોર્બિડિટિ એટલેકે હદયરોગ, ડાયાબીટીસ મેદસ્વિતા શ્વાસ-ફેફસાને લગતી બીમારી તથા બ્લડ પ્રેસર બીજુ મોટી ઉંમર અને ત્રીજુ આ રોગના લક્ષણો દેખાય થયા બાદ તે માટે તેની સારવાર લેવા માટે ઢીલાશ વર્તવી. આપણે આ વાયરસ સાથે સહઅસ્તિત્વની ભાવના સાથે જ જીવતા શીખવું પડશે.

ડૉ. મહર્ષિ દેસાઈના જણાવ્યા પ્રમાણે કોવિડ-૧૯નો વૈશ્વિક સ્તરે મૃત્યું આંકનો સરેરાશ દર ૩-૫% છે. હાલ બેલ્જીયમમાં ડેથ રેટ સૌથી ઉંચો છે. પરંતુ અહીં હેલ્થ કેર સિસ્ટમ યુરોપના તમામ દેશો કરતાં વધુ મજબૂત છે આ પરિસ્થિતિમાં બેલ્જીયમ મહદ અંશે તેના પર નિયંત્રણ મેળવવામાં સફળ રહ્યો છે. તબિબિ દ્રષ્ટિકોણથી મૃત્યુદરની નિયંત્રીત કરવો મુશ્કેલ હોઈ આપણુ વધુ ધ્યાન દર્દીઓને ઉચિત અને સમયસરની સારવાર મળી રહે તે જોવાનું છે. આ સ્થિતિમાં આપણે ડેથ કંટ્રોલ રેટની જગ્યાએ હોલિસ્ટીક પેશન્ટ કેરની દિશામાં કામગીરી કરી રહ્યા છીએ.

ડૉ. મહર્ષિએ સ્પષ્ટ કર્યું હતું કે કોવિડનો ફેટાલીટી રેટ સામાન્ય રીતે બે મુખ્ય ભાગોમાં વહેચી શકાય. એસિમ્ટોમેટીક વ્યક્તિઓના કિસ્સામાં નોંધાતો ઈન્ફેક્શન ફેટાલીટી રેટ અને ચેપગ્રસ્ત લોકો માટેનો કેસ ફેટાલીટી રેટ(હોસ્પિટલમાં દાખલ થયા હોય તેવા દર્દીઓ માટે)

ડો.અમી પરીખ અને ડો. આર.કે પટેલ દ્વારા ટ્રિટમેન્ટ અને પ્રોટોકોલ વિશે જાણકારી આપવામાં આવી હતી. કોવિડથી ચેપગ્રસ્ત બનેલા દરદીઓની સારવાર મુખયત્વે ત્રણ તબક્કામાં કરવામાં આવે છે. પ્રથમ તબક્કામાં રોગની સંકુલિતતાને જાણી જ્યા વાયરસ સામાન્ય રીતે ફેફસા પર અસર કરતો હોય અને શ્વસનની ક્રિયામાં હુમલો કરતો હોય ત્યારે દર્દીને બહારથી ઓક્સિજન આપી અને બાદમાં જરુર જણાય ત્યા મિકિનિકલ વેન્ટીલેટર કરી તેને સામાન્ય બનાવવા પ્રયાસ કરવામા આવે છે.

### તૈનાત કર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સશસ્ત્ર વાહનોને કાબૂમાં લીધા હતા. દાવપેચ હાથ ધર્યો છે. આ સમય દરમિયાન, ભારતની સરહદ પરના યુદ્ધ દરમિયાન ભારે શસ્ત્રો અને સૈન્ય સાધનોની ઝડપી પહોંચાડવાની તૈયારીઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ચીની નિષ્ણાતોએ કહ્યું કે આ સંપૂર્ણ પ્રક્રિયા થોડા કલાકોમાં પૂર્ણ થઈ ગઈ છે. જેણે જરૂરિયાત પ્રમાણે સરહદ સુરક્ષાને મજબૂત કરવાની ચીનની ક્ષમતા દર્શાવી હતી. ચાઈના સેન્ટ્રલ ટેલિવિઝન (સીસીટીવી) એ અહેવાલ આપ્યો છે કે શનિવારે પીએલએ એરફોર્સ એરબોર્ન બ્રિગેડ દ્વારા સિવિલિયન એરલાઈન્સ, લોજિસ્ટિક્સ ટ્રાન્સપોર્ટેશન ચેનલો અને ટ્રેનો દ્વારા શનિવારે ભારતની સરહદ નજીક અજ્ઞાત સ્થળે અનેક હજાર પેરાટ્રોપર્સને તહેનાત કરવામાં આવ્યા હતા.

### તીડના હુમલાની

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા હ્વઈએ ચેતવણી આપી હતી કે, તીડનું ઝુંડ રાજસ્થાનમાં જુલાઈ માસ સુધી સતત આવતું રહેશે અને તેના ઘણા જ ફેઝ હશે. નિષ્ણાતોએ ભારતના પૂર્વમાં બિહાર અને ઓડિશા સુધી તીડના ઝુંડ હુમલો કરે તેવી ચેતવણી આપી છે. જૂન-જુલાઈ સુધી ભારતમાં વાવણીનો સમય હોય છે, આ દરમિયાન તીડની નવી પેઢી પણ તૈયાર થઈ જશે.

### અંત આવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ મેથમેટિકલ ફોર્મ સતત સંક્રમણ પ્રકારના રૂપમાં ઉપયોગમાં લેવાયું, જે નવા સંક્રમિત વ્યક્તિ સંક્રમણના સ્ત્રોત ત્યાં સુધી બની રહેશે જ્યાં સુધી તેના ચક્રથી તેઓ સંક્રમણ મુક્ત ન થઈ જાય કે પછી તેમનું મૃત્યુ ન થાય.

વિશ્લેષણ માટે વિશેષજ્ઞોએ ભારતમાં કોવિડ ૧૯ના આંકડા વર્લ્ડ મીટર્સ ડોટ ઈન્ફોમાંથી એક માર્ચથી ૧૯ માર્ચ સુધી નોંધાયેલા કેસો, સંક્રમણમુક્ત થયેલા કેસ, અને મૃત્યુ સંબંધિત આંકડા લીધા હતાં. અધ્યયન દસ્તાવેજો મુજબ બેલિઝ રિલેટિવ રિમૂવલ રેટ, કોવિડ ૧૯નું સાંખ્યકિય વિશ્લેષણ (લિનિયર), ના ભારતમાં સાંખ્યકિય વિશ્લેષણથી પ્રદર્શિત થયું છે કે મધ્ય સપ્ટેમ્બર વચ્ચે 'લીનિયર લાઈન' ૧૦૦ પર પહોંચી રહ્યો છે.

### સારવાર થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલોમાં માત્ર દિલ્હીના લોકોની જ સારવાર થશે. તો કેન્દ્ર સરકારની હોસ્પિટલ તમામ માટે ખુલ્લી રહેશે.

દિલ્હી સરકારે કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લીધો છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે દિલ્હી સરકારની અંતર્ગત આવતી હોસ્પિટલ અને દિલ્હીની ખાનગી હોસ્પિટલોમાં માત્ર દિલ્હીના લોકોની જ સારવાર થશે. તો કેન્દ્ર સરકારની હોસ્પિટલ જેવી કે એમ્સ, સફદરજંગ અને રામ મનોહર લોહિયામાં તમામ લોકોની સારવાર થઈ શકશે જે અત્યાર સુધી થતું આવ્યું છે.


